ઈન્ડિયાનો 'ઈલેક્શન કિંગ' તેની ૧૫૯મી ચૂંટણી મોદી સામે લડશે

૪૮ ટકા મહિલા મતદારોમાં પાંચ રણચંડી મેદાને 'શક્તિ'નો જય હો

બિલ્ડરનો પ્રશ્ન, અડવાણી એક કરોડમાં તેમનો બંગલો વેચી શકે ખરા

તામિલનાડુના ૫૫ વર્ષના એક વ્યક્તિએ નરેન્દ્ર મોદી સામે ઉમેદવારી નોંધાવી છે. આ ઉમેદવારી કરવાનું કારણ કોઈની સામે વિજય મેળવવાનું નહી પણ એક રેકોર્ડ સર્જવાનું છે. ડો. કે. પદ્મરાજન નામની આ વ્યક્તિએ ગુજરાતના વડોદરા લોકસભાની બેઠક ઉપર આ દાવેદારી કરી છે. ક્વોલિફાઈડ હોમિયોપથી ડોક્ટર એવા પદ્મરાજને અત્યાર સુધી ૧૫૮ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે, તેનેઁ વર્લ્ડ રેકોર્ડ -સ્થાપિત કરવો છે. તે કહે છે કેઁ આ મારૂં ૧૫૯??? નોમિનેશન છે અને હું ઈન્ડિયાનો ઈલેકશન કિંગ છું. છેલ્લા ૨૫ વર્ષથી હું ચૂંટણી લડું છું. સામાન્યરીતે હું પોપ્યુલર લિડરની સામે ઉભા રહેવાનું પસંદ કરૂં છું...ઁ

આ વ્યક્તિએ અટલ બિહારી વાજપેયી, ડો. અબ્દુલ કલામ, -તિભા પાટીલ, મનમોહનસિંહ જેવા મહાનુભાવો સામે ચૂંટણી લડી છે. વડોદરામાં તે ભાજપના વડા-ધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે લડવાનો મોકો ચૂક્યો નથી. લોકસભા, વિધાનસભા, રાજયસભા ઉપરાંત તે-સિડેન્ટ અને વાઈસ-સિડેન્ટની ચૂંટણીમાં ઉભો રહ્યો છે. તે કહે છે કે તેણે પહેલું ઈલેકશન ૧૯૮૮માં લડ્યુ હતું. તેની પાસે કોઈ પોલિટીકલ એજન્ડા નથી. ક્યારેય કેનવાસિંગ કર્યુ નથી. તે માત્ર રેકોર્ડ માટે લડે છે. ઉમેદવારીપત્રો ભરવા પાછળ આ વ્યક્તિએ અત્યાર સુધીમાં ૧૨ લાખ રૂપિયા ખર્ચી નાખ્યા છે. તેના વતન મેત્તુરમાં ૨૦૧૧માં વિધાનસભાની ચૂંટણીમાં તેણે ઝંપલાવ્યું હતું અને ૯,૨૭૩ મતો મેળવ્યા હતા જે તેના હાઈએસ્ટ મતો છે...

ઉદ્યોગજૂથો સરકારને પૂછે છે કોર્પોરેટ હાઉસ ક્યાં...

-ોજેક્ટ મંજૂર કરવા કે ફાઈલને આગળ ધપાવવા સચિવાલયના અવાર નવાર મુલાકાત લેતા કોર્પોરેટ વર્લ્ડના -તિનિધિઓ દરવાજા ભૂલ્યાં છે, કારણ કે ચૂંટણીની મોસમ છે. એક ટોચના ઉદ્યોગજૂથના -તિનિધિનો ભેટો સ્વર્ણિમ સંકુલની લિફ્ટમાં થઈ ગયો, તેમને પૂછ્યું, ઁસચિવાલયમાં અત્યારે કામ થાય છેઁ... તેમનો જવાબ હતો...ઁના, બિલકુલ નહી, -ધાનો કામ કરતા નથી.. કહે છે કે આચાર સંહિતા છે, હાલ કંઈ નહી થાય, વિભાગના સેક્રેટરી ચૂંટણી પંચની મંજૂરીનો ડર બતાવે છે.. પછી નાહકનું પેટ્રોલ બાળીને ગાંધીનગર સુધી ધક્કો ખાવાની શું જરૂર... આતો એક અંગત કામ હતું એટલે આવ્યો છું...ઓફિસિયલ કામ નથી...!

સામાન્યરીતે ઉદ્યોગોની કોર્પોરેટ ઓફિસો દિલ્હી, મુંબઈ અને અમદાવાદ આવેલી છે. ગાંધીનગરમાં એવા કોઈ મોટા ઉદ્યોગજૂથની ઓફિસ નથી. મોદી અે સચિવાલયની બાજુમાં સેક્ટર-૧૧માઁ કોર્પોરેટ હાઉસ માટે સરકાર જમીન આપશે, પરંતુ આ નિર્ણય ઉપર ગિફ્ટ સિટીના ચેરમેન અને પૂર્વ ચીફ સેક્રેટરી સુધીર માંકડે પાણી

મોદી ક્યાં નથી, 'અત્ર, તત્ર, સર્વત્ર' મોદીના નામની ગૂંજ ચાલે છે ભાઈ

● અનુસંધાન પાન-૭ પર

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ભાજપ સ્થાપના દિવસ - ભાજપના ૩૪માં સ્થાપના દિને ગાંધીનગરમાં ભાજપ પરિવાર દ્વારા વિવિધ કાર્યક્રમો, વિવિધ વર્ગો માટે યોજાયા હતા. વહેલી સવારે મેયર મહેન્દ્રસિંહ રાણા અને કાર્તિક પટેલની આગેવાની હેઠળ હોમ-ટુ-હોમ પ્રચાર કાર્ય આરંભાયું હતું. જ્યારે બપોર બાદ શહેર મહિલા મોરચા દ્વારા મહિલાઓને મહેંદી મુકાઈ હતી. (તસવીર : દિપક જાની)

જૂના સેક્ટરોમાં માર્ગ સુધારણાને લઈ તંત્રએ પુનઃ અભ્યાસ કર્યો

આંતરિક રસ્તાઓ સહીત શોપીંગ વિસ્તારમાં ખરાબ રસ્તાઓનું કામ અગ્રતા ધોરણે હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૬

શહેરના જૂના સેક્ટરોમાં અંદાજિત ૮૦ કી.મી.ના રોડનેટવર્કને ચકાચક બનાવવાનું કામ હાથ ધરાયું છે. જેમાં સેક્ટરોના એપ્રોચ અને રીંગરોડની સુધારણા ઉપરાંત શોપિંગ વિસ્તારના અત્યંત ઉબડ-ખાબડ હોય તેવા રસ્તાઓનું અગ્રતા ધોરણે કામ હાથ ધરાશે. પુરતા બજેટના અભાવે તમામ માર્ગોનું કામ કરવાનું મુશ્કેલ હોવાથી આ મામલે તંત્રએ પણ અભ્યાસ હાથ ધર્યો છે. જૂના સેક્ટરોમાં માર્ગોની સુધારણા પાછળ રૂ. ૧૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં ચાર વર્ષથી વધુ સમયના અંતે સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યું છે. જૂના સેક્ટરોમાં આંતરિક માર્ગોને ચકાચક બનાવવાનું કામ આગામી ચોમાસા પૂર્વે પૂર્ણ કરી દેવાશે. પ્રથમ તબક્કામાં તમામ જૂના સેક્ટરોના એપ્રોચ રસ્તાઓ તેમજ રીંગરોડને ચકાચક બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત સેક્ટરોમાં સ્થિત આંતરિક રસ્તાઓનું પણ નવીનીકરણ કરવામાં આવશે. સેક્ટરોમાં વર્ષોથી આંતરિક માર્ગોનું કામ હાથ ન ધરાતા મોટાભાગના રસ્તાઓ ઉબડ-ખાબડ બન્યા છે. આવા સંજોગોમાં માર્ગ નવીનીકરણ માટે રૂ. ૧૧ કરોડનો ખર્ચ થવાનો છે. પરંતુ સેક્ટરોના તમામ રસ્તાઓને આવરી લેવાનું મુશ્કેલ બન્યુ હોવાનું સ્પષ્ટ થતા તંત્રએ આ મામલે સેક્ટરોના આંતરિક રસ્તાઓ તેમજ શોપિંગ વિસ્તારના માર્ગોની સુધારણા માટે અગ્રતા ક્રમે કરવું પડે તેવી સ્થિતિ છે. જો કે અત્યંત ખરાબ હાલતમાં હોય તેવા માર્ગોનું કામ અગ્રતાધોરણે કરવામાં આવશે. આવા સંજોગોમાં જૂના સેક્ટરોના માર્ગ નવીનીકરણ માટે વધુ રકમ ફાળવાય તેવી અનિવાર્યતા ઉભી થઈ છે.

ગરમીમાં રાહત

ગાંધીનગર, તા. ૬

છેલ્લા બે દિવસથી પડી રહેલી આકરી ગરમી બાદ આજે પવનની વધુ ગતિના કારણે પારામાં અઢી ડીગ્રી જેટલો ઘટાડો થયો હતો અને લઘુત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. રહેતા ગરમીમાં રાહત મળી હતી.

એપ્રિલ માસના પહેલા અઠવાડિયામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચતા ગાંધીનગરનાઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. આકરા તાપ અને ગરમીની અસર જનજીવન પર પણ જોવા મળી હતી. ભર બપોરે માર્ગો સુમસામ જોવા મળતા હતા. પંખા અને એસી ફુલસ્પીડે ચલાવવા પડતા હતા જો કે રવિવારે વહેલી સવારથી જ પવનની ગતિ વધતા ગરમીમાં રાહત થઈ હતી. આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. નોંધાયું હતું. આમ એક દિવસમાં તાપમાનમાં અઢી ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૩ ડિ.સે. રહ્યું હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૪૫ ટકા અને સાંજે ૧૩ ટકા રહ્યું હતું.

આજે કોંગ્રેસ ચૂંટણી કાર્યાલયનો શુભારંભ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કિરીટભાઈ પટેલ આજરોજ ઉમેદવારી નોંધાવશે. ત્યારે રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગહેલોતજીના હસ્તે સવારે ૧૦ કલાકે ખુલ્લુ મુકવામાં આવશે.

તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા કિરીટભાઈના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનુંઉદ્ઘાટન સાંજે ૭.૦૦ કલાકે એસ.જી. હાઈવે પરની, રાજપથ ક્લાબ પાસેના શબરી પાર્ટીપ્લોટ ખાતે કરવામાં આવશે.

...ને શિક્ષણમંત્રીની દરમ્યાનગીરીએ વિદ્યાર્થીની કારકીર્દીને બચાવી લીધી...!!

ડી.પી.એસ. સ્કુલના આચાર્યની તુમાખીએ વાલીઓને પણ ઉશ્કેર્યા : પોલીસે પણ દરમ્યાનગીરી કરી

ગાંધીનગર, તા. ૬

રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાની સમયસરની દરમિયાનગીરીને કારણે આજે ઉત્તર ગુજરાતના વડનગર પંથકના એક વિદ્યાર્થીની કારકીર્દીને રગદોળાતી અટકાવી હતી.

ગાંધીનગર નજીક આજે આવેલ ડી.પી.એસ. સ્કુલમાં જેઈઈની પરીક્ષાનું કેન્દ્ર હતું. આ પરીક્ષા આપવા આવવામાં એક વિદ્યાર્થી પાંચ મિનિટ મોડો પડયો હતો. અજાણ્યો વિસ્તાર અને અજાણ્યુ લોકેશન કેન્દ્રનું હતું. વિદ્યાર્થીની આ દલીલો શાળા સંચાલકે અને આચાર્ય એ ધ્યાન પર ન લીધી અને વિદ્યાર્થીને પરીક્ષા ખંડમાં પ્રવેશવા પર મનાઈ ફરમાવી દીધી.

બહાર ઉભેલા વિદ્યાર્થીઓના વાલી આ આખું દૃશ્ય જોઈ રહ્યા હતા. વિદ્યાર્થી રીતસર કગરતો રહ્યો કાકલુદી કરતો રહ્યો પણ કોઈ જ અસર કેન્દ્ર સંચાલક પર ન થઈ અને વિદ્યાર્થીને હાંકી કાઢવામાં આવ્યો. આ જોઈ બહાર ઉભેલા વાલીઓ અકળાઈ ગયા. તેમણે દરમિયાનગીરી કરી પરંતુ કેન્દ્ર સંચાલક કોઈ જ વાત સાંભળવાના મૂડમાં ન હતા.

વાલીઓએ આ પછી ઉગ્રતાપૂર્વક રજૂઆતો કરી ત્યારે આચાર્ય એ તાત્કાલિક પોલીસને ફોન કરી પરિસ્થિતિ સંભાળવા બોલાવ્યા. પોલીસ આવી વાલીઓને સ્થળ પરથી હટાવી દીધા પરંતુ જંપીને બેસવા જેવું ના લાગતાં એક વાલીએ શિક્ષણ મંત્રીને ફોન કર્યો.

એક વાલીએ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીનું ધ્યાન દોર્યું તો આ અધિકારીએ જવાબ આપ્યો કે આ પરીક્ષા એ રાજય સરકારની છે નહિ અને રવિવાર રજાનો દિવસ છે મને ડિસ્ટર્બ કરો તે બરાબર નહિ. વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગની આવી સંવેદનહીનતાથી વાલીઓ વિભાગની ઉદાસીનતા કહો કે ઉડાઉ જવાબની વાત કહો તેમ કહી નિરાશ થયા હતા.

બીજી તરફ શિક્ષણમંત્રીને કરેલા ફોનને પગલે શિક્ષણમંત્રીએ તાબડતોબ દરમિયાનગીરી કરી પરીક્ષાના આયોજક સાથે વાત કરી. આયોજકોએ કેન્દ્ર સંચાલકને પ્રવેશ આપવા અને પરીક્ષા લેવાના આદેશો ગણતરીની મિનિટોમાં જ જારી કરતાં વિદ્યાર્થીને પ્રવેશ મળ્યો હતો.

શિક્ષણમંત્રી તરફ વાલીઓએ આભારની લાગણી વ્યક્ત કરતો ફોન કર્યો ત્યારે તેમણે કરેલી કાર્યવાહીની વિગતો વાલીઓના ધ્યાને આવી હતી. શિક્ષણમંત્રીની સમયસરની દરમિયાનગીરીથી વિદ્યાર્થીની કારકિર્દી રોળાતી બચી ગઈ હતી.

જો કે શિક્ષણમાં સમયપાલનનું મહત્વ છે પણ શિક્ષણમાં દયા કે ક્ષમાનું પણ એટલું જ મહત્વ છે તે પણ શિક્ષણ સંસ્થાના સંચાલકોએ અને આચાર્યએ ભુલવું ના જોઈએ. પરીક્ષા આપવાની તત્પરતા કેમ વિદ્યાર્થીમાં ના જોવાઈ તેને લઈ વાલીઓમાં ચર્ચા થતી હતી.

મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલુ કરીએ

વિશ્વ આરોગ્ય દિન-૨૦૧૪

૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા-ખાબોચિયા દૂર કરીએ.
૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
૫) શરીર પૂરુ ઢંકાય તેવા કપડા પહેરવા
૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
૯) ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામા ટાયરોનો નાશ કરવો.
૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડી, કુલર, ફ્રીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.

"Small Bite, Big Threat."

જિલ્લા પંચાયત, ગાંધીનગર

ધાર્મિક પ્રવચન - ગાંધીનગરના મધ્યમાં રામકથા મેદાન ખાતે આજે નિરંકારી બાબા 'ધન નિરંકાર જી'નું પ્રેરક વ્યાખ્યાન યોજાયું હતું. બાબાની અમૃતવાણીનું શ્રવણ લાભ મેળવવા ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. જાહેર વ્યાખ્યાન સમયે લોકભોગ્ય ભક્તિગીતોનું ગાન પણ થયું હતું. (તસવીર : દિપક જાની)

જે રોજગારી આપશે તે રાજ કરશે

ઈલેક્શન લાઈવ

ગાંધીનગર, તા. ૬

ઈલેક્શન લાઈવમાં આજે ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં મતદારોને મળી તેમનું મન જાણવા પ્રયત્ન હાથ ધરાયો હતો. મોટા ભાગના યુવાન મતદારો ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીથી અને તેમની કાર્યશૈલીથી આકર્ષાયા હોવાનું જણાઈ આવ્યું હતું. પરંતુ કેટલાક મતદારોએ આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલના પણ વખાણ કર્યા હતા.

કુડાસણ રોડ પર એક શોપીંગ કોમ્પલેક્ષમાં દરજી કામ કરતા ઈલેશભાઈને રોજગારી આપે તેવી સરકાર રચાય તેમાં તેમને વધુ રસ હોવાનું જણાવ્યુ હતુ. તેમણે આ ચૂંટણીમાં વિકાસ અને ભ્રષ્ટાચારને મહત્વના મુદ્દા ગણાવ્યા હતા જ્યારે ગાંધીનગર મત વિસ્તારના સંસદ સભ્ય લાલકૃષ્ણ અડવાણીનું કામ સામાન્ય રહ્યું હોવાનું કબુલ્યુ હતુ. ઈલેશભાઈએ પોતાના મતવિસ્તારમાં આયાતી ઉમેદવાર ના હોવો જોઈએ તેવી બાબત પર ભાર મુકતા તેમણે રાજકીય પક્ષની વિચારધારાને મહત્વ આપી મતદાન કરશે તેમ કહ્યું હતું. કેજરીવાલને તેમણે ભવાઈ કરતા હોવાની સાથે મુલાયમસિંહને સોનિયા ગાંધીની કઠપુતળી સમાન ગણાવ્યા હતા.

આજ રોડ પર બીજી એક મતદાર પ્રવિણભાઈએ આ ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થશે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે

● અનુસંધાન પાન-૭ પર

'સૌથી નાનો ડંખ સૌથી મોટો ભય' આજે વિશ્વ આરોગ્ય સંસ્થા મેલેરિયા સામે નવો જંગ છેડશે

મેલેરિયાનો પાંચમો પ્રકાર પણ હોવાની વાતો આરોગ્ય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે : ગુજરાતમાં માત્ર બે પ્રકારના જ કેસો દેખાયા છે

ગાંધીનગર, તા.૬

વિશ્વ આરોગ્ય સંસ્થા એ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીનો ભાર 'નાનો ડંખ મોટો ભય' આ વિચારવસ્તુ પર આપી વિશ્વને મેલેરિયા અને મચ્છર વિશે વધુ જાગૃત કરવાનું બીડું ઉપાડયું છે.

મચ્છર એ આમ તો પૃથ્વી પરનું સૌથી નાનુ જંતુ ગણાય છે. વાહકજન્ય રોગચાળામાં અતિ મહત્વનું સ્થાન આ નાનુ જંતુ છે તેનું ગણાય છે. આ મચ્છર અને મેલેરિયાની કેટલીક વણકથી વાતો આવી છે.

૧૮૮૦માં મેલેરિયાનો તાવ હોવાની પહેલીવાર હકીકતો ધ્યાન પર આવી હતી. આ પછી ૧૯૦૦ માં મેલેરિયા મચ્છરથી ફેલાતો હોવાની જાણ વિશ્વને થઈ હતી. આ મચ્છરથી થતા મેલેરયાના આમ તો ચાર પ્રકાર છે અને આજે વિશ્વમાં પાંચમો પ્રકાર મેલેરિયા નોસેસી નામનો હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

ગુજરાતમાં આમ તો મેલેરિયાના બે પ્રકારો જોવા મળે છે. સાદો મેલેરિયા, ઝેરી મેલેરિયાના કેસો છે ડેનગ્યુ, ચિકનગુનિયા એ પણ મચ્છરોથી થતા રોગ છે એ પણ ઉલ્લેખનીય છે.

મેલેરિયા ફેલાવતો આ મચ્છર આમ તો સાવ નાનો છે. આ મચ્છરના પગમાં સૌથી વધુ સંવેદનાઓ નોંધાઈ છે. આ મચ્છરોની ઉત્પત્તિને નાથવા માટે અનેકવિધ લોક જાગૃતિના કાર્યક્રમો વર્ષોથી તંત્ર દ્વારા ચલાવવામાં આવે છે.

પરંતુ આ વર્ષે મચ્છરનો આ 'નાનો ડંખ સૌથી મોટો ભય' એ સ્લોગન સાથે તંત્રએ એક વધુ જનજાગૃતિ અભિયાનની આહેલક જગાવવાનો સંકલ્પ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાનો જન્મ ૭મી એપ્રિલે થયો હતો તે પણ ઉલ્લેખનીય છે. વિશ્વ આરોગ્ય દિવસ તરીકે આ સંસ્થાના સ્થાપના દિવસની ઉજવણી આખા વિશ્વમાં કરવામાં આવે છે.

મેલેરિયાના દર્દીઓની સંખ્યા એ અખબારોના અહેવાલો બને છે ત્યારે આ રોગ ફેલાવતા મચ્છર વિશે પણ કેટલીક વાતો જાણવા જેવી છે. મચ્છર આમ તો ૩ કિ.મી. જેટલું ઉડી શકે છે. વજનમાં પણ ઓછું વજન આ મચ્છરનું હોય છે.

મેલેરિયાની સારવાર પધ્ધતિમાં પણ સમયાંતરે બદલાવો આવ્યા છે. હાલ આ મેલેરિયાની સારવાર ડોટ પધ્ધતિથી આપવાનો અભિગમ છે. મેલેરિયાના જંતુઓ પેટમાં પણ જીવી શકે છે. તેઓ માણસની રોગ પ્રતિકારક શકિત ઓછી થાય ત્યારે પેટમાં રહેલા તેના જંતુઓ હુમલો કરી શકે છે.

મેલેરિયા સામેનો નવો જંગ હવે વિશ્વ આરોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 80003
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમ્મી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના એપોલો ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com